રાજ્ય સરકાર તરફથી ફાળવવામાં આવતા સીધા ધિરાણ યોજનાના ફંડના ૪૦% ફંડ શૈક્ષણિક ધિરાણમાં વાપરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: લઘસ/૧૦૨૦૧૭/૭૯૦/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૭/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમનો તા.૨૫/૪/૨૦૧૮ ના પત્ર ક્રમાંકઃ ગુઅસનાવિનિલિ/૨૦૧૭-૧૮/૫૧૦૧

આ મુ ખ :

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ધંધા, રોજગાર, પરિવહન માટે લોન, દેશમાં અને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોન આપી લઘુમતી જાતિના વ્યક્તિઓને આર્થિક અને શૈક્ષણિક રીતે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ નિગમ રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી તરીકે કામગીરી કરતું હોવાથી રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમની ધિરાણ નીતિ મુજબ ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમને રાષ્ટ્રીય નિગમ દ્વારા મળવામાં આવતી રકમના ફકત ૨૦% રકમ જ શૈક્ષણિક ધિરાણ માટે વાપરવાની જોગવાઇ છે. આ જોગવાઇ મુજબ રાષ્ટ્રીય નિગમ તરફથી મળેલ કુલ ફંડના ૨૦% નાણાં જ શૈક્ષણિક યોજના માટે ખર્ચ કરી શકાય તેમ હોવાથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં શૈક્ષણિક ધિરાણ માટેની અરજી કરેલ તમામ વિદ્યાર્થીઓને નિગમ દ્વારા સમયમર્યાદામાં ધિરાણ થઇ શકે તેમ ન હોઇ વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના નિગમના તા.૨૫/૦૪/૨૦૧૮ના પત્રથી રાજય સરકાર તરફથી ફાળવવામાં આવતા સીધા ધિરાણ યોજનાના ફંડ પૈકી ૪૦% ફંડ શૈક્ષણિક ધિરાણ પાછળ વાપરવાની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે રાષ્ટ્રિય અલ્પસંખ્યંક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હી તરફથી મળતું ફંડ રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીની જોગવાઇ અનુસાર જ વાપરવાની શરતે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને ફક્ત રાજ્ય સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં સીધા ધિરાણ યોજના હેઠળ ફાળવવામાં આવેલ ફંડ રૂ.૫૦૦.૦૦ લાખ પૈકી ૪૦% ફંડ દેશમાં અને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોન માટે વાપરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિન પટેલ)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ